# 5 આપણો ત્રિરંગી રાષ્ટ્રધ્વજ

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

**પ્ર.૧ આપણે આપણા ધ્વજને 'તિરંગો' શા માટે કહીએ છીએ ?**

જ.૧ ત્રણ રંગોથી બનેલ હોવાના કારણે આ ઝંડાને તિરંગો કહે છે.

**પ્ર.૨ આપણે આપણા તિરંગાને શા માટે સદા ઉચ્ચ સ્થાને રાખવા ચાહીએ છીએ ?**

જ.૨ તે ઝંડો આપણી આન પણ છે અને પ્રાણ પણ. દેશની શાનને સદા જાળવી રાખવા માટે આપણે તેને ઊંચો રાખવા ઈચ્છીએ છીએ.

**પ્ર.૩ તિરંગા ઝંડામાં કયા-કયા રંગ છે ?**

જ.૩ તિરંગા ઝંડામાં ત્રણ રંગ છે – કેસરી, સફેદ અને લીલો.

**પ્ર.૪ અશોક ચક્ર કઈ બાબતનું પ્રતીક છે ?**

જ.૪ અશોક ચક્ર ગતિ અને પ્રગતિનું પ્રતીક છે.

**પ્ર.૫ નીચે દર્શાવાયેલ શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ કરો.**

જ.૫ વિદ્યાર્થીઓ સ્વયં શુદ્ધ ઉચ્ચારણ કરે. પ્રથમ શિક્ષક કરે અને સાથે-સાથે વિદ્યાર્થીઓને બોલવાનું રહે.

### લિખિત

૧. **પ્ર.૧ તિરંગાનો કેસરી રંગ શેની યાદ અપાવે છે ?**

જ.૧ કેસરી રંગ બહાદૂરીનો પ્રતીક છે. તે આપણને એ વીરોની યાદ આપે છે, જેમણે દેશને આઝાદ કરાવવા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું.

**પ્ર.૨ સફેદ રંગ કયો સંદેશ આપે છે ?**

જ.૨ વિચારોની પવિત્રતા દર્શાવતો સફેદ રંગ મહાત્મા બુદ્ધની દયા અને મહાત્મા ગાંધીની અહિંસાનો સંદેશ પણ આપે છે.

**પ્ર.૩ લીલો રંગ કઈ-કઈ જગ્યાએ જોવા મળે છે ? તેમાં શું ગહન છે ?**

જ.૩ લીલો રંગ ભારતના ખેતરો અને મેદાનોમાં ફેલાયેલો/વિસ્તરેલો જોવા મળે છે. તેમાં હરિયાળી અને ખુશી છૂપાયેલી છે.

**પ્ર.૪ આપણે તિરંગાનું સન્માન કઈ રીતે કરીએ છીએ ?**

જ.૪ આપણે એ ધ્યાન રાખીએ છીએ કે ઝંડાને ફરકાવતી વખતે અને ઊતારતી વખતે તે જમીનને સ્પર્શે નહી. રાષ્ટ્રધ્વજને ફરકાવતી વખેત આપણે સાવધાનની મુદ્રામાં ઊભા રહીએ છીએ.

**પ્ર.૫ આપણે રાષ્ટ્રધ્વજની નીચે ઊભા રહીને શું પ્રતિજ્ઞા લઈએ છીએ ?**

જ.૫ આપણે આ ઝંડાની નીચે ઉભા રહીને દેશને હર્યો ભર્યો અને ખુશ બનાવવાનું પ્રણ લઈએ છીએ.

**૨. નીચે દર્શાવાયેલ શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને વાક્યપૂર્તિ કરો.**

૧. ```કેસરી``` રંગનો અર્થ છે - બહાદુરી.

૨. સફેદ રંગ આપણી પવિત્રાને દર્શાવે છે.

૩. પ્રતિવર્ષ ```૧૫ ઓગષ્ટ``` ના દિવસે આપણા વડાપ્રધાન આ ધ્વજને લાલ કિલ્લા પર ફરકાવે છે.

૪. ```લીલા``` રંગનો અર્થ છે હરિયાલી અને ખુશી.

૫. તિરંગાની મધ્યમાં એક ```અશોકચક્ર``` બનેલું જોવા મળે છે.

**૩. નીચે દર્શાવાયેલ પાઠનો અંશ વાંચીને પ્રશ્નોના ઉત્તર લખો.**

**ધ્વજમાં રહેલ ......................... સમાયેલી છે.**

૧. લીલો રંગ કયાં વિસ્તરાયેલો જોવા મળે છે ?

જ.૧ લીલો રંગ ભારતના ખેતરો અને મેદાનોમાં વિસ્તરેલો છે.

૨. ભારત કયા વર્ગનો દેશ છે ?

જ.૨ ભારત ખેડૂતો અને શ્રમિકોનો દેશ છે.

૩. લીલા રંગમાં શું સમાયેલું છે ?

જ.૩ લીલા રંગમાં પંચવર્ષીય યોજનાની સફળતા સમાયેલી છે.

**૪. નીચે દર્શાવાયેલ પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાં ✓ ની નિશાની કરો.**

**૧. રાષ્ટ્રધ્વજ ફરકાવતી વખતે આપણે તેનું સન્માન કઈ રીતે કરીએ છીએ ?**

☐ રાષ્ટ્રધ્વજ ગાન કરીને ☑ ઊભા રહીને

☐ તાળી વગાડીને ☐ પ્રતિજ્ઞા લઈને

**૨. રાષ્ટ્રધ્વજના કયા રંગમાં પંચવર્ષીય યોજનાઓની સફળતા સમાયેલી છે ?**

☑ લીલા ☐ કેસરી ☐ સફેદ ☐ લીલો-સફેદ

## ભાષાજ્ઞાન

**૧. ગદ્યપાઠનું પઠન કર્યા બાદ નીચેના શબ્દો માટે સમાનાર્થી શબ્દ લખો.**

| | | | |
|---|---|---|---|
| કેસર જેવા રંગનું | ···કેસ··· | પાંચ વર્ષો માટેનું | ···પંચવર્ષીય··· |
| ત્રણ રંગોનું બનેલ | ···ત્રિરંગી··· | આઝાદી | ··સ્વતંત્રતા·· |
| શપથ | ···પ્રતિજ્ઞા··· | સૂચક | ···પ્રતીક··· |

**૨. નીચે દર્શાવાયેલ વિશેષણોને વાંચીને ભાવવાચક સંજ્ઞાની રચના કરો.**

| વિશેષણ | | ભાવવાચક સંજ્ઞા | વિશેષ | | ભાવવાચક સંજ્ઞા |
|---|---|---|---|---|---|
| બહાદુર | = | ···બહાદુરી··· | આઝાદ | = | ···આઝાદી··· |
| ખુશ | = | ···ખુશી··· | સફેદ | = | ···સફેદી··· |
| સ્વતંત્ર | = | ···સ્વતંત્રતા··· | પવિત્ર | = | ···પવિત્રતા··· |
| મહાન | = | ···મહાનતા··· | સફળ | = | ···સફળતા··· |

**૩. કૌંસમાં દર્શાવાયેલ વિશેષણ ઉપરથી ભાવવાચક સંજ્ઞાની રચના કરી, રિક્ત સ્થાનોની પૂર્તિ કરો.**

૧. દરેક જીવજંતુઓ ઉપર ···દયા··· કરો. (દયાળુ)

૨. મહાત્મા ગાંધી એ આપણને ···અહિંસા··· નો પાઠ ભણાવ્યો છે. (અહિંસક)

૩. સર્વે લોકોમાં ···લાગણી··· વહેંચો. (લાગણીશીલ)

૪. રાષ્ટ્રગીતના ગાન વખતે ચારે તરફ ···શાંતિ··· થઈ ગઈ. (શાંત)

૫. ···પરિશ્રમ··· થી જ દરેક વ્યક્તિ સફળ થાય છે. (પરિશ્રમી)

**૪. ‘ર’ ના વિવિધ રૂપ :**

મ+ર+અ = નમ્રતા        વ+ર+ગ = વર્ગ

**સ્વર સહિત ‘ર’ અને સ્વર રહિત ‘ર’ દર્શાવતા શબ્દો અહીં લખો.**

**સ્વર સહિત –** પ્રતિજ્ઞા, સમ્રાટ, પ્રણ, ક્રમ.    **સ્વર રહિત –** ધર્મ, કર્મ, મર્મ, જુર્મ, પર્વ, ગર્વ

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

૧. વિદ્યાર્થીઓ પાસે તિરંગો બનાવડાવવો.

૨. વિજયી વિશ્વ તિરંગા ગીતનું સમૂહગાન કરવું.

**સવિશેષ**

વિદ્યાર્થીઓ ઈન્ટરનેટના માધ્યમથી રાષ્ટ્રીય પક્ષી, રાષ્ટ્રીય ફૂલ અને રાષ્ટ્રીય વૃક્ષ વિશે માહિતી મેળવે.

# 6 એવરેસ્ટ સાથે મારી મુલાકાત

# અભ્યાસ

## સ્વાધ્યાય

**મૌખિક**

**પ્ર.૧ અંગદોરજી કેમ આશ્ચર્યચકિત અને આનંદિત થઈ ગયા હતા ?**

જ.૧ બચેન્દ્રી પાલ અને અંગદોરજી બે કલાકથી ઓછા સમયમાં શિખર કેમ્પ પર પહોંચી ગયા. અંગદોરજીએ પાછળ જોઈને બચેન્દ્રીને પૂછ્યું કે શું તેણી થાકી ગઈ છે ? તેણીનો ઉત્તર હતો નહી... તે સાંભળીને તેઓ આશ્ચર્યચકિત અને આનંદિત થઈ ગયા હતા.

**પ્ર.૨ બચેન્દ્રી માટે કઠીન (મુશ્કેલ) ચડાણ ક્યારે આસાન થયું ?**

જ.૨ લ્હાટૂએ જ્યારે બચેન્દ્રી પાલના રેગ્યુલેટર પર ઓક્સિજનનું પ્રમાણ વધારે કર્યું ત્યારે તેને કઠીન ચડાણ આસાન લાગવા લાગ્યું.

**પ્ર.૩ શું સામે જોઈને બચેન્દ્રીનો શ્વાસ રોકાઈ ગયો હતો એમ લાગ્યું ?**

જ.૩ શિખરની તરફ જતાં ઉડતા બરફના કણોને કારણે કંઈ દેખાઈ રહ્યું નહતું. તે તરફ જોતાં એમ લાગ્યું કે થોડા અંતર પછી કોઈ ઊંચું ચડાણ ન હતું. સફળતા સામે જોઈને બેચેન્દ્રીને પોતાનો શ્વાસ રોકાઈ ગયો હતો તેમ લાગ્યું.

**પ્ર.૪ એવરેસ્ટની આ પૂરી યાત્રામાં બચેન્દ્રીને કેટલો સમય લાગ્યો ?**

જ.૪ આ યાત્રામાં શિખર પર રોકાણ કર્યા સહિત ૧૦ કલાક અને ૪૦ મિનિટ થયા.

**લિખિત**

**૧. પ્ર.૧ બચેન્દ્રી એવરેસ્ટની ટોચ પર ક્યારે અને કયા સમયે પહોંચી ?**



જ.૧ ૨૩ મે, ૧૯૮૪ના દિવસે આભાર - નિહારીકા રવિયા બપોરે એક વાગીને ૭ મિનિટે બચેન્દ્રી એવરેસ્ટ પર પહોંચી.

**પ્ર.૨ સાગરમાથાના તાજ ઉપર પહોંચીને બચેન્દ્રી એ શું કર્યું ?**

જ.૨ ત્યાં પહોંચીને બચેન્દ્રીએ બરફ પર પોતાનું માથું ટેકવ્યું અને સાગરમાથાના તાજને ચુંબન કર્યું. પોતાના થેલામાંથી હનુમાન ચાલીસા અને દુર્ગા માતાના ચિત્રો કાઢીને લાલ કપડામાં વીંટીને નાની પૂજા કરીને તેને બરફમાં દબાવી દીધાં. ત્યારબાદ ઊઠીને પોતાના નેતા અંગદોરજીને આદરભાવથી નમન કર્યું.

**પ્ર.૩ પર્વતારોહણમાં શ્રેષ્ઠતા માટે બચેન્દ્રી પાલને કયા - કયા પુરસ્કાર મળ્યા ?**

જ.૩ પર્વતારોહણમાં શ્રેષ્ઠતા માટે બચેન્દ્રી પાલને ભારતીય પર્વતારોહણ સંઘનો પ્રતિષ્ઠિત સુવર્ણપદક, અર્જુન પુરસ્કાર સહિત અનેક પુરસ્કાર મળ્યા અને પદ્મશ્રીથી અલંકૃત કરવામાં આવ્યા.

**પ્ર.૪ પહેલાં શું થયું, પછી શું થયું - પ્રત્યેક માટે યોગ્ય ક્રમ લખો.**

જ.૪ ૧. ૬ વાગીને ૨૦ મિનિટે અમે સાઉથ કોલની બહાર નિકળ્યાં. ...૧...

૨. બરફને દૂર કરવા માટે અમારે પાવડાનો ઉપયોગ કરવો પડ્યો. ...૨...

૩. અમે શિખર કેમ્પ પર પહોંચી ગયાં. ...૩...

૪. મને પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યા. ...૭...

૫. અમે સાઉથ કોલ પર પાંચ વાગ્યા સુધીમાં પહોંચી ગયાં. ...૬...

૬. અમે પરત આવવા માટે એક વાગીને ૫૫ મિનિટે યાત્રા આરંભ કરી. ...૫...

૭. લ્હાટૂએ મારા રેગ્યુલેટર પર ઑક્સિજનનું પ્રમાણ વધાર્યું. ...૪...

**૨. નીચેનો પાઠાંશ વાંચીને પ્રશ્નોના ઉત્તર લખો.**

**લ્હાટૂએ અમારા .............................. કૉલ પર પહોંચી ગયાં.**

૧. કયા શિખર પર પહોંચવાની સૂચના દેવાઈ ?

જ.૧ એવરેસ્ટના શિખર પર પહોંચવાની સૂચના દેવાઈ.

૨. સૂચના કોણે આપી હતી ?

જ.૨ સૂચના લ્હાટૂએ આપી હતી.

૩. કર્નલ ખુલ્લરે શું કહ્યું ?

જ.૩ કર્નલ ખુલ્લરે કહ્યું 'દેશને તારા પર ગર્વ છે.'

૪. સાઉથ કૉલની યાત્રાની અવધિ શું હતી ?

જ.૪ સાઉથ કૉલની યાત્રા ૧૦ કલાક ૪૦ મિનિટ ની હતી.

**૩. યોગ્ય ઉત્તર પસંદ કરીને ✓ ની નિશાની કરો.**

**૧. બરફ દૂર કરવા માટે બચેન્દ્રીએ કઈ વસ્તુનો ઉપયોગ કર્યો ?**

☐ કાતરનો ☑ પાવડાનો ☐ ચાકૂનો ☐ તલવારનો

૨. **બચેન્દ્રીના દલનેતા કોણ હતા ?**

☐ લ્હાટૂ ☐ કર્નલ ખુલ્લર ☑ અંગદોરજી ☐ મેજર કુમાર

**મૂલ્યવર્ધક પ્રશ્ન.**

**જ. અસંભવિત લાગતા કાર્ય મહેનત, લગન, સાહસ, દૃઢ નિશ્ચયથી સંભવિત કરી શકાય. જ્યારે આપણે આપણું લક્ષ્ય નિશ્ચિત કરીને તેને પામવાનો પ્રયત્ન પૂર્ણ ઈમાનદારીથી કરીએ તો આપણને સફળતા જરૂર મળે છે.**

## ભાષાજ્ઞાન

**૧. નીચેના શબ્દોને શબ્દકોષના ક્રમ પ્રમાણે લખો.**

૧. અપેક્ષા, આરોહણ, એમણે, ઉપયોગ, ઊંચાઈ
૨. કઠીન, મહિલા, લગભગ, વિશ્વાસ, સુરક્ષિત

**૨. નીચે દર્શાવાયેલ સંયુક્ત વ્યંજનોના બે-બે શબ્દ લખો.**

સ્ત - વ્યસ્ત ···સ્તર··· ···વિસ્તાર···

લ્લ - ખુલ્લર ···પલ્લવ··· ···ગુલ્લક···

શ્ચ - નિશ્ચિત ···નિશ્ચય···આશ્ચર્ય···

ક્ત - વ્યક્તિ ···વ્યક્ત··· ···મુક્ત···

**૩. સમજો અને અનુસ્વારનો ઉપયોગ કરીને ફરીથી લખો.**

ઘણ્ટ = ···ઘંટ···
અઙ્ગ = ···અંગ···
ઝણ્ડો = ···ઝંડો···
આરમ્ભ = ···આરંભ···

કૈમ્પ = ···કૈંપ···
ડણ્ડો = ···ડંડો···
ચુમ્બન = ···ચુંબન···
તમ્બૂ = ···તંબૂ···

**૪. કે / ની ના પસંદ કરીને જોડકાં બનાવો.**

બચેન્દ્રી એ કહ્યું → હું તૈયાર છું
શિખર ઉપર હવાની → ગતિ વધી ગઈ હતી.
બધા એ અભિનંદન આપ્યાં → બચેન્દ્રી ! અમને તારા પર ગર્વ છે.
જામેલા બરફ → પહાડો સખત હતા.

**૫. યોગ્ય શબ્દ દ્વારા રિક્ત સ્થાનની પૂર્તિ કરો.**

જે શબ્દથી કોઈ કાર્ય કર્યાની અથવા કરવા માટેની જાણકારી મળે તેને ···ક્રિયા··· કહે છે.

જ. અસંભવિત લાગતા કાર્ય મહેનત, લગન, સાહસ, દૃઢ નિશ્ચયથી સંભવિત કરી શકાય. જ્યારે આપણે આપણું લક્ષ્ય નિશ્ચિત કરીને તેને પામવાનો પ્રયત્ન પૂર્ણ ઈમાનદારીથી કરીએ તો આપણને સફળતા જરૂર મળે છે.

## ભાષાજ્ઞાન

**૧. નીચેના શબ્દોને શબ્દકોષના ક્રમ પ્રમાણે લખો.**

૧. અપેક્ષા, આરોહણ, એમણે, ઉપયોગ, ઊંચાઈ
૨. કઠીન, મહિલા, લગભગ, વિશ્વાસ, સુરક્ષિત

**૨. નીચે દર્શાવાયેલ સંયુક્ત વ્યંજનોના બે-બે શબ્દ લખો.**

સ્ત - વ્યસ્ત ···સ્તર··· ···વિસ્તાર···
લ્લ - ખુલ્લર ···પલ્લવ··· ···ગુલ્લક···
શ્ચ - નિશ્ચિત ···નિશ્ચય···આશ્ચર્ય···
ક્ત - વ્યક્તિ ···વ્યક્ત··· ···મુક્ત···

**૩. સમજો અને અનુસ્વારનો ઉપયોગ કરીને ફરીથી લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઘણ્ટ | = | ···ઘંટ··· | કૈમ્પ | = | ···કૅંપ··· |
| અઙ્ગ | = | ···અંગ··· | ડણ્ડો | = | ···ડંડો··· |
| ઝણ્ડો | = | ···ઝંડો··· | ચુમ્બન | = | ···ચુંબન··· |
| આરમ્ભ | = | ···આરંભ··· | તમ્બૂ | = | ···તંબૂ··· |

**૪. કે / ની ના પસંદ કરીને જોડકાં બનાવો.**

| | |
|---|---|
| બચેન્દ્રી એ કહ્યું | બચેન્દ્રી ! અમને તારા પર ગર્વ છે. |
| શિખર ઉપર હવાની | ગતિ વધી ગઈ હતી. |
| બધા એ અભિનંદન આપ્યાં | પહાડો સખત હતા. |
| જામેલા બરફ | હું તૈયાર છું |

**૫. યોગ્ય શબ્દ દ્વારા રિક્ત સ્થાનની પૂર્તિ કરો.**

જે શબ્દથી કોઈ કાર્ય કર્યાની અથવા કરવા માટેની જાણકારી મળે તેને ···ક્રિયા··· કહે છે.

# 7 મા ના ગુણો

# અભ્યાસ

## સ્વાધ્યાય

**મૌખિક**

**પ્ર.૧ કવિ દલપતરામ કોના સ્નેહની વાત કરી રહ્યા છે ?**

જ.૧ કવિ દલપતરામ માતાના સ્નેહની વાત કરી રહ્યા છે.

**પ્ર.૨ કોણ આપણે ભીનામાંથી સૂકામાં સુવાડે છે ?**



જ.૨ માતા પોતે ભીનામાં સૂઈને બાળકને સૂકામાં સુવડાવે છે.

**લિખિત**

૧. **પ્ર.૧ કવિ માતાનો પ્રેમને કયા શબ્દથી પ્રયોજે છે ?**

જ.૧ કવિ માતાના પ્રેમને 'મહા હેતવાળી દયાળી મા' શબ્દથી પ્રયોજે છે.

**પ્ર.૨ ક્યાં ક્યાં સંજોગોમાં માતા આપણેને સાચવે છે એ કાવ્યને આધારે જણાવો ?**

જ.૨ જ્યારે બાળક બીમાર હોય, ભુખ્યું હોય, એને ઈજા થાય ત્યારે, સૂતું હોય જેવી અનેક પરિસ્થિતિમાં બાળકના ઉછેરમાં માતા બાળકને સાચવે છે.

**પ્ર.૩ બાળક જ્યારે પડી જાય ત્યારે માતા કેવી રીતે તેના ઓવારણાં લે છે ?**

જ.૩ બાળક જ્યારે પડી જાય ત્યારે માતા 'ખમ્મા' કહીને ઓવારણાં લે છે.

## ભાષાજ્ઞાન

૧. **નીચે દર્શાવાયેલ શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

પ્રેમ × નફરત

પડવું × ચઢવું

કડવું × મીઠું, ગળ્યું

જાગવું × ઉંઘવું

ભીનું × સૂકું

૨. **આડાં અવડા શબ્દોને યોગ્ય ક્રમમા ગોઠવો.**

૧. સ વા સુ = સુવાસ

૨. લા રે કાં = કારેલાં

૩. ણ ર ડ છો ય રા = રણછોડરાય

૪. ગા ડી ગ આ = આગગાડી

૩. **નીચે આપેલાં શબ્દો પરથી વાક્ય બનાવો**

**૧. માતા** = માતાએ પરિવાર માટે સ્વાદિષ્ટ રસોઈ બનાવી હતી.

**૨. સંઘર્ષ** = દાદાજીએ વિદેશમાં જવા માટે ઘણો સંઘર્ષ કર્યો હતો.

**૩. પાડોશી** = અશોકભાઈએ સંજયભાઈને મુશ્કેલ સમયમાં મદદ કરીને પાડોશી ધર્મ બજાવ્યો.

**૪. ઈન્ટરનેટ** = આજના સમયમાં ઈન્ટરનેટ સંદેશવાહનનું ઝડપી માધ્યમ છે.

**૫. સૂર્યપ્રકાશ** = સૂર્યપ્રકાશ દ્વારા વનસ્પતિ ખોરાક બનાવે છે.

# 8 કબડ્ડી

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

**પ્ર.૧ બાંગ્લાદેશનો રાષ્ટ્રીય ખેલ કયો છે ?**

જ.૧ બાંગ્લાદેશનો રાષ્ટ્રીય ખેલ કબડ્ડી છે.

**પ્ર.૨ કબડ્ડીની ટીમમાં કેટલા ખેલાડી હોય છે ?**

જ.૨ કબડ્ડીની ટીમમાં સાત-સાત ખેલાડી હોય છે.

**પ્ર.૩ વિરોધી પાલામાં ગયેલ ખેલાડી નિરંતર શું બોલતો હોય છે ?**

જ.૩ વિરોધી પાલામાં ગયેલ ખેલાડી નિરંતર કબડ્ડી-કબડ્ડી બોલતો હોય છે.

### લિખિત

**પ્ર.૧ કબડ્ડી કયા-કયા દેશોમાં રમાય છે ?**

જ.૧ કબડ્ડી નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકા, પાકિસ્તાન વગેરે દેશોમાં રમાય છે.

**પ્ર.૨ કબડ્ડીની કઈ કઈ પ્રતિયોગિતાઓનું આયોજન થાય છે ?**

જ.૨ કબડ્ડીની એશિયા કપ, પ્રો-કબડ્ડી લીગ, કબડ્ડી વિશ્વકપ, યુકે કબડ્ડી કપ, વિશ્વ કબડ્ડી લીગ વગેરે પ્રતિયોગિતાઓનું આયોજન થાય છે.

પ્ર.૩ ભારતના કબડ્ડી ખેલાડીઓનાં નામ લખો.

જ.૩ રાકેશકુમાર, અજય ઠાકુર, મંજીત ચિલ્લર, અનુપકુમાર, રાહુલ ચૌધરી વગેરે કબડ્ડીના સારા ખેલાડીઓ છે.

પ્ર.૪ અવેજી ખેલાડી શા માટે રાખવામાં આવે છે ?

જ.૪ કોઈ ખેલાડી ઈજાગ્રસ્ત થાય તો તેની જગ્યાએ અવેજી ખેલાડી રમે છે. તેથી અવેજી ખેલાડી રાખવામાં આવે છે.

**૨. યોગ્ય ઉત્તર પસંદ કરીને ✓ ની નિશાની લગાવો.**

**૧. દાદાજી બાળપણમાં કયો ખેલ રમતા હતા ?**

☐ ક્રિકેટ ☐ ખો-ખો ☑ કબડ્ડી ☐ હોકી

**૨. ભારતનો રાષ્ટ્રીય ખેલ કયો છે ?**

☐ કબડ્ડી ☑ હૉકી ☐ ક્રિકેટ ☐ ફુટબૉલ

**૩. કોઈ કબડ્ડી ટીમ પોતાના ખેલાડી કેટલી વાર બદલી શકે છે ?**

☐ બે વાર ☑ પાંચ વાર ☐ ચાર વાર ☐ ત્રણ વાર

**૪. કેટલા વજનથી વધારે વજનવાળી વ્યક્તિ કબડ્ડી રમી શકતી નથી ?**

☑ ૮૫ કિગ્રાથી વધુ ☐ ૭૫ કિગ્રા ☐ ૬૫ કિગ્રા ☐ ૮૦ કિગ્રા

## મૂલ્યવર્ધક પ્રશ્ન.

જ. ઘરની બહાર અને અંદર રમાતી રમતો બંને લાભદાયક છે. જ્યાં બહાર રમાતી રમતોથી આપણા તન-મનનો વિકાસ થાય છે. ત્યાં અંદર રમાતી રમતોથી આપણો માનસિક વિકાસ થાય છે. કોમ્પ્યુટર, ટી.વી. થી આપણને બહારની દુનિયાની જાણકારી મળે છે.

## ભાષાજ્ઞાન

**૧. બહુવચન બનાવો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ટીમ | = | ···ટીમો··· | બાળક | = | ···બાળકો··· |
| દવા | = | ···દવાઓ··· | શ્વાસ | = | ···શ્વાસો··· |
| શુભકામના | = | ···શુભકામનાઓ··· | તે | = | ···તેઓ··· |
| પ્રતિયોગિતા | = | ···પ્રતિયોગિતાઓ··· | હું | = | ···અમે··· |

**૨. વિરોધી શબ્દ લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગામડું | × | ···શહેર··· | પૌરાણિક | × | ···નવું··· |
| સાવધાન | × | ···અસાવધાન··· | શુભ | × | ···અશુભ··· |

| | | | | | |
|---|---|---|---|---|---|
| આસાન | × | ```મુશ્કેલ``` | સહમત | × | ```અસહમત``` |
| લાભપ્રદ | × | ```હાનિપ્રદ``` | જીત | × | ```હાર``` |

૩. **કૌંસમાં આપેલ શબ્દના સમાન અર્થવાળા શબ્દ લખીને રિક્ત સ્થાન ભરો.**

૧. જે ટીમના ```વધારે``` અંક બને છે, તે વિજયી થાય છે. (અધિક)

૨. ખેલાડી એ ```નિરંતર``` કબડ્ડી કબડ્ડી બોલવું પડે છે. (વારંવાર)

૩. આપ મને ```ભારતીય``` ટીમ વિશે જણાવો. (હિંદુસ્તાની)

૪. રસ્તો પાર કરતી વખતે આપણે ```સાવધાન``` રહેવું જોઈએ. (સચેત)

૫. ```પરિશ્રમ``` કરવાથી સફળતા મળે છે. (મહેનત)

૪. **નીચેના શબ્દોના સમૂહવાચક શબ્દ લખો.**

| | | | |
|---|---|---|---|
| નોટોની | ```ગડી``` | પુસ્તકોનો | ```થપ્પો``` |
| દ્રાક્ષનું | ```ઝૂમખું``` | લોકોની | ```ભીડ``` |
| ઘોડેસવારોનો | ```સમૂહ | મધુમાખીઓનો | ```ઝૂંડ``` |
| લાકડીઓનો | ```ભારો``` | ફૂલોનો | ```ગુચ્છો``` |
| કલાકારોની | ```મંડળી``` | પર્વતોની | ```હારમાળા``` |

૫. **યોગ્ય વિશેષણ શબ્દ દ્વારા વાક્ય પૂરા કરો.**

(બે, સારો, રાષ્ટ્રીય, મોટો, ઘાયલ)

૧. હૉકી આપણો ```રાષ્ટ્રીય``` ખેલ છે.

૨. અંશુલ મારી ટીમનો ```સારો``` ખેલાડી છે.

૩. ```ઘાયલ``` ખેલાડીને ડૉક્ટર પાસે લઈ ગયા છે.

૪. મેદાનમાં ```મોટો``` ખાડો દેખાયો.

૫. કબડ્ડીના મેદાનને ```બે``` પાલામાં વહેંચાય છે.

# 5 પોથી પંડિત

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

**૧. વીરુ અને શેરુ કેવા મિત્રો હતા ?**

વીરુ અને શેરુ લંગોટિયા મિત્રો હતા.

**૨. વીરુ ભણવા માટે ક્યાં ગયો ?**

વીરુ શહેરમાં ભણવા ગયો હતો.

**૩. શેરુના પિતા શું કરતા હતા ?**

શેરુના પિતા નાવિક હતા.

### લિખિત

૧. ૧. વીરુના પિતાએ શેરુને બોલાવીને શું કહ્યું ?

વીરુના પિતાએ શેરુને બોલાવીને કહ્યું કે, "આવતી કાલે તારો મિત્ર ભણીને પાછો આવે છે તો તું સામા કિનારેથી તેને નાવમાં બેસાડીને લઈ આવજે."

**૨. વીરુ મિત્રતા કેમ ભૂલી ગયો ? તેણે શેરુને શું કહ્યું ?**

વીરુને પોતાના ભણતરનું અભિમાન હતું તેથી તે મિત્રતા ભૂલી ગયો અને કહ્યું કે, "તું એવો જ રહી ગયો હું હોશિયાર બની ગયો."

**૩. નાવમાં પાણી ભરાતા શેરુએ વીરુને શું કહ્યું ?**

નાવમાં પાણી ભરાતાં શેરુએ વીરુને કહ્યું કે, "તારી પેટીમાં કોઈ મજબૂત વસ્તુ હોય તો આપ, તેનાથી આપણે નાવનું કાણું પૂરી દઈએ."

**૪. વીરુને શેનું અભિમાન હતું ?**

વીરુને પોતે કેટલું બધું ભણ્યો છે, પોતાને કેટલુ બધું આવડે છે તેનું અભિમાન હતું.

**૫. શેરુ પોતાની જાતને બચાવી શક્યો ? કેમ ?**

શેરુને તરતા આવડતું હતું તેથી તે તરતા તરતા બહાર નીકળી ગયો અને પોતાની જાતને બચાવી

**૨. નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો.**

**૧.** વીરુના પિતા એક નાવિક હતા. ✗

**૨.** વીરુ અને શેરુ બંને શહેરમાં ભણવા ગયા. ✗

**૩.** શેરુ નાવિક બન્યો અને વીરુ મોટો માણસ. ✔

**૪.** શેરુ નદીમાં ડૂબી ગયો. ✗

**૫.** વીરુ તરીને બહાર નીકળી ગયો. ✗

## મૂલ્યવર્ધક પ્રશ્ન

૧. મારો એક મિત્ર મુંબઈ જવાનો હતો તેથી તેને ટ્રેનની ટિકિટ લેવી હતી તે રેલ્વે સ્ટેશન ગયો અને બારી પાસે જઈ ટિકિટ માંગી. તેને ટિકિટ મળી પણ તેમાં બેઠક નંબર ન હતો. તેથી એણે પૂછ્યું ત્યારે ખબર પડી કે બેઠક નંબર સાથે ટિકિટ લેવા માટે રિઝર્વેશનવાળી ટિકિટ બુક કરાવવી પડે.

૨. મને વીરુ અને શેરુમાંથી કોઈ પણ ગમ્યું નથી. કેમ કે વીરુને પોતાના ભણતરનું અભિમાન હતું અને શેરુ મિત્રને મરવા માટે છોડીને પોતે એકલો ચાલ્યો ગયો.

## ભાષાજ્ઞાન

**૧. નીચે આપેલા શબ્દોના સમાન અર્થવાળા શબ્દો આપેલા ચોરસમાંથી શોધીને લખો.**

૧) નદી – સરિતા

૨) શહેર – નગર

૩) મિત્ર – દોસ્ત

૪) અભિમાન – અહંકાર

૫) પુસ્તક – ચોપડી

૬) પિતા – જનક

૭) હોશિયાર – ચતુર

૮) કિનારો – ધાર

૯) નાવ – હોડી

૧૦) કીમતી – અમૂલ્ય

**વિશેષ પ્રશ્નો :**

**૨. બહુવચન આપો.**

| | | | |
|---|---|---|---|
| શહેર | – શહેરો | કિનારો | – કિનારીઓ |
| નદી | – નદીઓ | કાણું | – કાણાં |
| પુસ્તક | – પુસ્તકો | પેટી | – પેટીઓ |
| વરસ | – વરસો | | |

**૩. નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્યો બનાવો.**

૧. વીરુએ પોતાના જ્ઞાનનું **અભિમાન** હતું.

૨. ગણતર વિના **ભણતર** નકામું.

૩. શેરુ એ **કીમતી** વસ્ત્રો પહેર્યા હતા.

૪. જે નાવ ચલાવે તેને **નાવિક** કહેવાય.

૫. શેરુનું શરીર **મજબૂત** હતું.

૬. શરુ અને વીરુની **મિત્રતા** પાકી હતી.

**૪. નીચે આપેલાં વાક્યો વાંચો અને લીટી દોરેલાં શબ્દો એ શું સૂચવે છે ? તે જણાવો.**

૧) અભિમાન – ભાવવાચક સંજ્ઞા

૨) મિત્રતા – ભાવવાચક સંજ્ઞા

૩) હોશિયારી – ભાવવાચક સંજ્ઞા

૪) મૂર્ખતા – ભાવવાચક સંજ્ઞા

**૫. નીચે આપેલા વાક્યોમાંથી ભાવવાચક સંજ્ઞા શોધો.**

૧) શાંતિ – ભાવવાચક

૨) ઉત્સાહ – ભાવવાચક

૩) આનંદ – ભાવવાચક

૪) ખુશી – ભાવવાચક

૫) સંતોષ – ભાવવાચક

# 6 મહારાણા પ્રતાપ અને ચેતક

# અભ્યાસ

## સ્વાધ્યાય

**મૌખિક**

**૧. મહારાણા પ્રતાપના ભાઈનું નામ શું હતું ?**

મહારાણા પ્રતાપના ભાઈનું નામ શક્તિસિંહ હતું.

**૨. ચેતક ઘોડા સાથે બીજા બે ઘોડા હતા, તેમના નામ જણાવો.**

ચેતક સાથે ત્રાટક અને અટક એમ બે ઘોડા હતા.

**૩. ચેતક ઘોડો રાણાજી ના માટે ખાસ કેવી રીતે બન્યો હતો ?**

ચેતક ઘોડો અતિ બુદ્ધિશાળી અને તાજગીભર્યો હતો માટે તે રાણાજીનો ખાસ બની ગયો હતો.

**લિખિત**

**૧. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

**૧. મહારાણા પ્રતાપ ને ચેતક ઘોડો કેમ પસંદ હતો ?**

કારણ કે ચેતક ઘોડો મહાપરાક્રમી, ઊંચી છલાંગ મારનાર અને ખૂબ ઝડપી હતો માટે મહારાણા પ્રતાપ ને ચેતક ઘોડો પસંદ હતો.

**૨. રાણાજીને આ ઘોડો કયા રાજ્યમાંથી પ્રાપ્ત થયેલો હતો ?**

રાણાજીને આ ઘોડો ગુજરાત રાજ્યમાંથી જ પ્રાપ્ત થયેલો હતો

**૩. ચેતક ઘોડો એક સાથે કેટલા કિલોગ્રામ વજન ઉઠાવી શકતો હતો ?**

ચેતક ઘોડો એક સાથે ૩૧૮ કિલોનું વજન ઊઠાવી શકતો હતો.

**૪. પ્રથમ વખત રાજાએ ચેતકને ક્યાં નિહાળ્યો ?**

પ્રથન વખત રાજાએ ચેતકને પોતાના મહેલમાં એક વેપારી પાસે નિહાળ્યો હતો.

**૫. ચેતકને કુલ કેટલા ભાઈ હતા ? તેમના નામ જણાવો.**

ચેતકને કુલ ત્રણ ભાઈ હતા. તેમના નામ ત્રાટક અને અટક હતા.

**૬. મહારાણા પ્રતાપે ચેતકને પોતાની સાથે કઈ ઘાટી પર છેલ્લે સુધી રાખ્યો હતો ?**

મહારાણા પ્રતાપે ચેતકને હલ્દીઘાટી પર છેવટ સુધી રાખ્યો હતો

**૭. આખરે ચેતકે ઘાયલ થઈને કોનું પુનઃમિલન કરાવ્યું ?**

આખરે ચેતકે ઘાયલ થઈને બે સગા થઈને બે સગા ભાઈઓનુ પુનઃમિલન કરાવ્યુ.

**૮. આખરી સમય સુધી ચેતકે કઈ રીતે મહારાણાને આબાદ બચાયા ?**

આખરી સમયે ચેતક મહારાણા પ્રતાપને દુશ્મનોથી બચાવતા હલ્દીઘાટી કૂદીને પાર કરીને સુરક્ષિત સ્થાન પર લઈ ગયો હતો.

**૨. સાચા ઉત્તર સામે ✓ કરો.**

**૧. બે પહાડ વચ્ચેના અંતર નું સ્થળ કઈ જગ્યા પર આવેલું છે ?**

☐ શ્યામઘાટ ☐ રામઘાટ

☑ હલ્દીઘાટી ☐ કૃષ્ણઘાટી

**૨. મહારાણા પ્રતાપના ઘોડાનું નામ શું હતું ?**

☐ ત્રાટક ☐ અટક

☐ છટક ☑ ચેતક

**૩. મહારાણાનો કઈ ભાષા માં સંદેશો સંભળાયો ?**

☑ નીલા ઘોડા રા અસવાર ☐ કાલા ઘોડા પે અસવાર

☐ રાતા ઘોડા મે અસવાર ☐ શ્યામ ઘોડા રા અસવાર

**૪. લંગડા માટે આપણે કયો શબ્દ કહીએ છીએ ?**

☐ વાયડું ☑ ખોડીલું

☐ ચાપલું ☐ બોલડુ

## ભાષાજ્ઞાન

### ૧. સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અશ્વ | - | ઘોડો | પ્રસિદ્ધિ | - | ખ્યાતિ |
| સત્ય | - | સાચું | કાન | - | કર્ણ |
| અવાજ | - | ધ્વનિ | સગા | - | પોતાના, પોતિકાં |

### ૨. વિરોધી શબ્દો લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| હાજર | × | ગેરહાજર | ઓછું | × | વધારે |
| વિરહ | × | મિલન | નજીક | × | દૂર |
| સફળ | × | અસફળ | ભાઈ | × | બહેન |

### ૩. નરમાંથી નારી જાતિ માં શબ્દ બનાવો.

વૃધ્ધ – વૃધ્ધા

શેઠ – શેઠાણી

વાઘ - વાઘણ

ઘોડો - ઘોડી

વાણીયો – વાણિયણ

# 7 ભારતમાતાના બાળકો...

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

૧. **ભારતમાતાને કોણ વધારે વહાલું છે ?**

ભારતમાતા ને તેમના સંતાનો વધુ વહાલા છે

૨. **આપણા ભારતની ભૂમિ પર કયા યોધ્ધાઓ એ બલિદાન આપ્યું ?**

આપણી ભારતભૂમિ માટે વીર શિવાજી, વીર ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, ગાંધીજી વગેરે સેનાનીનીઓએ કુરબાની આપી છે.

૩. **કોણ દેવપ્રકાશ કહેવાય ?**

વિનોબાજી દેવપ્રકાશ કહેવાયા

૪. **કોના કપાળે તિલક થવાની વાત છે ?**

ગોપાલકૃષ્ણ ગોખલે અને ગાંધીજીને કપાળે તિલક લગાવવાની વાત કરવામાં આવી છે.

૫. **કવિતામાં કોને શૂરવીર કહ્યા છે ?**

કવિતામાં શિવાજીને શૂરવીર કહ્યા છે.

### લિખિત

૧. ૧. **ભારતની ભૂમિ પર કયા-કયા સ્વાતંત્ર્ય સેનાનીઓએ કુરબાની આપી છે ?**

ભારતની ભૂમિ પર વીર શિવાજી, મહારાણા પ્રતાપ, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ વગેરે સેનાનીઓએ બલિદાન આપ્યા છે.

૨. **આ કવિતામાં કવિયત્રી એ આપણને કોના જેવા શૂરવીર થવાનું કહ્યું છે ?**

આ કવિતામાં કવિયત્રી એ આપણને મહારાણાપ્રતાપ, સુભાષચંદ્ર બોઝ અને શિવાજી જેવા શૂરવીર થવાનું કહયું છે.

૩. **વેદગીતાના ગ્રંથો જે લખાયા તેમાંના કોઈપણ બે ગ્રંથ ના નામ લખો.**

વેદગીતાના લખાયેલા ગ્રંથો મહાભારત અને રામાયણ છે

૪. **આપણે સહુ કોના બાળકો છીએ ?**

આપણે સહુ ભારતમાતા ના બાળકો છીએ.

૧. **સાચા જવાબ પર ✓ નિશાની કરો.**

**૧. અમે ભારતમાતાના............ રે**

☑ બાળકો ☐ માતા

☐ પિતા ☐ દાદા

**૨. આપણા ધાર્મિક ગ્રંથ કયા છે ?**

☑ રામાયણ ☐ માનવીની ભવાઈ

☐ મેઘદૂત ☐ સાત પગલાં આકાશમાં

**૩. આ કવિતામાં કોની ભોમકા જણાવી છે ?**

☐ પક્ષીઓની ☐ પ્રાણીઓની

☑ રામકૃષ્ણ ☐ અસુરોની

**૪. આપણે આપણી ભૂમિને શત... શત... વંદન કરવા જોઈએ :- આ વાક્ય માં શું આવી શકે ?**

☑ ખરું ☐ ખોટું

## ભાષાજ્ઞાન

**૧. સમાનાર્થી શબ્દો લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| હિમાલય | – | ગિરિ, પર્વત | નદી | – | સરિતા |
| પ્રકાશ | – | અજવાળું | માથુ | – | મસ્તક |
| ગોદ | – | ખોળો | વંદન | – | નમસ્કાર |

**૨. વિરોધી શબ્દો લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પર્વત | × | નદી | જન્મ | × | મરણ |
| સ્વતંત્ર | × | પરતંત્ર | લખવું | × | વાચવું |

# 8 તરણેતરનો મેળો

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

**૧. તરણેતરનો મેળો કયાં યોજાય છે ?**

તરણેતરનો મેળો સુરેન્દ્રનગર જિલ્લાના થાન પાસે આવેલા નાના ગામ તરણેતરમાં આવેલા ભગવાન શિવના મંદિર ત્રિનેત્રેશ્વર પાસે યોજાય છે.

**૨. તરણેતરનો મેળો ક્યારે યોજાય છે ?**

તરણેતરનો મેળો ભાદરવા સુદ ચોથથી ત્રણ દિવસ માટે યોજાય છે.

**૩. ઋષિ-મુનિઓ કેમ આ મેળામાં આવે છે ?**

ભાદરવા સુદ પાંચમના દિવસે ઋષિ મુનિઓ તરણેતરમાં ગંગાસ્નાન કરવા આવે છે.

### લિખિત

૧.

**૧. તરણેતરના મેળા વિશે મહાભારતકાળની માન્યતા શું છે ?**

એક માન્યતા પ્રમાણે મહાભારતકાળમાં દ્રૌપદી સ્વયંવર તરણેતરમાં યોજાયો હતો.

**૨. આ મેળામાં કઈ કઈ સ્પર્ધાઓ જોવા મળે છે ?**

તરણેતરના મેળામાં શ્રેષ્ઠ વેશભૂષા, શ્રેષ્ઠ ગરબા, પાવો વગાડવો, શ્રેષ્ઠ બળદ ગાડા, શ્રેષ્ઠ પશુઓ તથા સરકાર દ્વારા રૂરલ ઑલમ્પિકનું આયોજન થાય છે.

**૩. સરકાર દ્વારા અહીં શેનું આયોજન કરવામાં આવે છે ?**

સરકાર દ્વારા તરણેતરના મેળામાં રૂરલ ઑલમ્પિકનું આયોજન કરવામાં આવે છે.

**૪. સાધુસંતો અને ભજનમંડળીઓ અહીં શું કરે છે ?**

તરણેતરના મેળામાં સાધુ સંતો અને ભજન મંડળીઓ ભક્તિમય ભજનો અને દુહાની રમઝટ બોલાવે છે.

**૨. સાચો ઉત્તર શોધીને ✓ નું નિશાન કરો.**

**૧. તરણેતરનો મેળો ક્યારે યોજાય છે ?**

| | |
|---|---|
| ☐ ઑગસ્ટમાં | ☐ શ્રાવણી પૂનમે |
| ☐ ભાદરવાની અમાસ | ☑ ભાદરવા સુદ ચોથ |

**૨. તરણેતરનો મેળો કયા જિલ્લામાં યોજાય છે ?**

| | |
|---|---|
| ☐ અમદાવાદ | ☐ જૂનાગઢ |
| ☐ રાજકોટ | ☑ સુરેન્દ્રનગર |

**૩. એક માન્યતા પ્રમાણે દ્રૌપદીનો સ્વયંવર ક્યાં યોજાયો હતો ?**

| | |
|---|---|
| ☐ થાન | ☐ સુરેન્દ્રનગર |
| ☐ કુંડ | ☑ તરણેતર |

**૪. કુંડમાં કઈ નદી પ્રગટ થાય છે ?**

| | |
|---|---|
| ☐ ભોગાવો | ☐ સાબરમતી |
| ☐ નર્મદા | ☑ ગંગા |

## મૂલ્યવર્ધક પ્રશ્ન

ગિરનારની પરિક્રમા વિશે વેબ સપોર્ટથી માહિતી મેળવી માહિતીસભર લેખ લખાવો.

## ભાષાજ્ઞાન

**૧. શબ્દ-સમૂહ માટે એક શબ્દ લખો.**

૧. લોકોમાં ચાલતી માન્યતાઓ ....**લોકવાયકા**....

૨. જેમાં સ્ત્રી પોતાનો વર જાતે પસંદ કરે તે ....**લોકસ્વયંવર**......

૩. જૂના સમયથી ચાલ્યા આવતા રીતરિવાજો, સંસ્કૃતિ વગેરે ......**પરંપરા**......

૪. લોકો દ્વારા બનાવેલું સંગીત .....**લોકસંગીત**......

**૨. વિરોધી શબ્દો લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| આળસુ | × | મહેનતુ | જાવક | × | આવક |
| ઓછું | × | વધારે | સાંજ | × | સવાર |
| અનિશ્ચિત | × | નિશ્ચિત | પ્રથમ | × | અંતિમ |
| અલૌકિક | × | લૌકિક | યુવાન | × | વૃદ્ધ |
| જાહેર | × | ખાનગી | | | |
| શત્રુ | × | મિત્ર | | | |